## The Sacred Fire.

There is a sacred fire that burns in the heart and envelops the whole being: it is Agni, who illumines and purifies all. I kindle that fire in you each time that you ask me for some progress; but it destroys nothing except falsehood and obscurity.*

**– The Mother**

## પવિત્ર અગ્નિ

હૃદયમાં એક પવિત્ર અગ્નિ પ્રજ્જવળી રહ્યો છે અને તે સમગ્ર આત્મ-અસ્તિત્વને વીંટળાઇને રહે છે: તે અગ્નિ છે જે સર્વને પ્રકાશિત કરે છે અને વિશુદ્ધ કરે છે. જયારે જયારે તમે કંઈક પ્રગતિ માટે મારી પાસે માગણી કરો છો, ત્યારે હું તે અગ્નિ પ્રગટાવું છું, પણ તે અસત્ય અને અંધકાર સિવાય કશાનો વિનાશ કરતો નથી.

**– શ્રી માતાજી**

*[The message of 21 February, 2013]

©SRI AUROBINDO ASHRAM TRUST, PONDICHERRY.
FROM: SRI AUROBINDO KENDRA,
MATRUBHAVAN'87, SWASTIK SOCIETY, AHMEDABAD-9
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2025**
**FEBRUARY**
૧ ફેબ્રુઆરી, ૨૦૨૫

– ॐ आनन्दमयि … –




"I am the Mystery beyond reach of mind.
I am the goal of the travail of the suns;
My fire and sweetness are the cause of life.
But too immense my danger and my joy."
'SAVITRI' – P-335 **– Sri Aurobindo**

"મનની પ્હોંચની પાર કેરી છું હું નિગૂઢતા,
છું હું લક્ષ્ય સૂર્યોના શ્રમકાર્યનું;
મારો પાવક ને મારી મધુતા છે નિદાન જિંદગીતણું.
કિંતુ અત્યંત મોટો છે ભય મારો અને આનંદ માહરો."
'સાવિત્રી' – પૃ.૫૨૨ **– શ્રી અરવિન્દ**
અનુ. પૂજાલાલ

## Om Anandmayi …

There are other great Personalities of the Divine Mother*, but they were more difficult to bring down and have not stood out in front with so much prominence in the evolution of the earth-spirit. There are among them Presences indispensable for the supramental realisation, – most of all one who is her personality of that mysterious and powerful ecstasy and Ananda which flows from a supreme divine Love, the Ananda that alone can heal the gulf between the highest heights of the supramental spirit and the lowest abysses of Matter. the Anand that holds the key of a wonderful divinest Life and even now supports from its secrecies the work of all the other Powers of the universe. But human nature bounded, egoistic and obscure is inapt to receive these great Presences or to support their mighty action. Only when the four have founded their harmony and freedom of movement in the transformed mind and life and body, can those other rarer Powers manifest in the earth movement and the supramental action become possible. …

from 'The Mother' **– Sri Aurobindo**

* Other than four great Aspects of the Mother

## ૐ આનંદમયિ …

**મા ભગવતીનાં** બીજાં પણ મહાન વ્યક્તિ સ્વરૂપો છે,* પરંતુ એમનું અવતરણ કરાવવાનું કાર્ય ઘણું મુશ્કેલ હતું. એ વ્યક્તિ-સ્વરૂપોએ પૃથ્વીની ચેતનાના ક્રમવિકાસમાં પેલાં સ્વરૂપો પેઠે મુખ્ય ભાગ ભજવ્યો પણ નથી. એ અત્યાર સુધી અપ્રગટ રહેલાં સ્વરૂપોમાં કેટલાંક એવાં છે જેમની સન્નિધિ અતિમનસના યાને વિજ્ઞાનમય ચેતનાના સાક્ષાત્કાર માટે અનિવાર્ય છે. એમાંયે એક સ્વરૂપની સહાય સર્વથા અનિવાર્ય છે. તે સ્વરૂપ એટલે મા ભગવતીનું એક પરમ દિવ્ય પ્રેમમાંથી વહેતા ગહન અને સમર્થ આનંદની પરાકાષ્ઠાનું સ્વરૂપ છે, એ આનંદ જ વિજ્ઞાનમય ચેતનાના ઉચ્ચોચ્ચ શિખરો અને જડતત્ત્વના ઊંડામાં ઊંડા પેટાળો વચ્ચેનું અંતર સાંધી શકે તેમ છે, – એ આનંદના જ હાથમાં એક પરમ દિવ્ય જીવનની ગુપ્ત ચાવી રહેલી છે, – અને પોતાના ગૂઢ સ્થાનમાં રહ્યો રહ્યો એ આનંદ અત્યારે પણ વિશ્વની અન્ય શક્તિઓનાં કાર્યને ટેકો આપી રહેલો છે. પરંતુ ચારે તરફથી બંધાયેલી, અહં-પ્રધાન, અને તમોગ્રસ્ત એવી માનવ પ્રકૃતિ આ મહાન શક્તિઓની સન્નિધિને – આગમનને – સત્કારવા માટે, યા તો એમના અતિ સમર્થ કાર્યના આધારરૂપ બનવા માટે હજી સમર્થ નથી, અધિકારી નથી. જયારે મા ભગવતીનાં ચાર સ્વરૂપોએ રૂપાંતર પામેલાં મન, પ્રાણને શરીરમાં પોતાના સંવાદની તથા મુક્ત કાર્યશક્તિની સ્થાપના કરી હશે ત્યાર પછી જ પેલાં વધારે વિરલ શક્તિ-સ્વરૂપો આ પૃથ્વી પર ચાલી રહેલી ક્રિયામાં આવિર્ભાવ પામી શકશે. અને ત્યાર પછી જ વિજ્ઞાનમય ચેતનાનું કાર્ય શક્ય બનશે. …

'મા' પુસ્તકમાંથી, અનુ. પુરાણીજી **– શ્રી અરવિન્દ**

* મા ભગવતીનાં ચાર પ્રધાન શક્તિ-સ્વરૂપો સિવાયના બીજાં સ્વરૂપો